ચોવીસ કલાકમાં જિગ્નેશ મેવાણી સામે બે ફરિયાદ, રાજકીય ગરમાવો

ગાંધીનગરમાં સરકારી ફરજમાં રૂકાવટ સાથે હોબાળો, ધમકી અને આચારસંહિતા ભંગના આક્ષેપ; પોઈ ખુદ ફરિયાદી બન્યા

મેવાણીનો વળતો પ્રહાર: ‘દરેક ફરિયાદ મારા માટે મેડલ, થાય એટલા ભડાકા કરી લેજો’

ઠાકોર સમાજની રૂ.150 કરોડની જમીનના મુદ્દે અવાજ ઉઠાવતાં ટાર્ગેટ કરાતા હોવાનો દાવો

ગાંધીનગર: ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના મતદાન પૂર્વે કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે 24 કલાકમાં બે અલગ-અલગ પોલીસ ફરિયાદ નોંધાતાં રાજકીય ગરમાવો વધી ગયો છે. પેથાપુર પોલીસ સ્ટેશન અને સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદોમાં પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ, પોલીસ સ્ટેશન અને ચોકીમાં હોબાળો, પૂછપરછ હેઠળના વ્યક્તિને બહાર લઈ જવા, ચૂંટણી આચારસંહિતાના ભંગ તથા સોશિયલ મીડિયા મારફતે તણાવ ફેલાવવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. પેથાપુરના કેસમાં પોલીસ ઇન્સ્પેક્ટર એ.એમ. દેસાઈ પોતે ફરિયાદી બન્યા છે. બીજી તરફ, મેવાણીએ બંને ફરિયાદોને રાજકીય રીતે ટાર્ગેટ કરવાના પ્રયાસ સાથે જોડીને પોલીસ અને ભાજપ સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, ‘પ્રત્યેક FIR મારા માટે મેડલ સમાન છે; થાય એટલા ભડાકા કરી લેજો, હું ડરવાનો નથી.’

પેથાપુરમાં પૂછપરછ દરમિયાન મેવાણી સમર્થકો સાથે પહોંચ્યાનો આક્ષેપ

પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, 8 ઓક્ટોબરની રાત્રે ચૂંટણી પ્રચાર દરમિયાન વોર્ડ નંબર-4ના કોંગ્રેસના ઉમેદવાર યુનુસ પરમાર અને તેમના સાથીઓ સામે ભાજપના પ્રચારકને ધમકી આપવાની અરજી મળી હતી. સંજરી પાર્ક વિસ્તારમાં ભાજપના પ્રચારક ભાવેશ ભાવસારને પ્રચાર નહીં કરવા અને વિસ્તારમાં નહીં આવવા ચેતવણી અપાઈ હોવાનો આક્ષેપ છે. ફરિયાદમાં ગંભીર પરિણામોની ધમકી આપ્યાનો પણ ઉલ્લેખ છે. આ જ ઘટનાના અહેવાલમાં અન્ય પ્રચારક નિલેશ પંચાલે પણ પોલીસને લેખિત અરજી આપી હોવાની વિગતો સામે આવી છે. આ અરજીના અનુસંધાને પોલીસ યુનુસ પરમારની પૂછપરછ કરી રહી હતી ત્યારે જિગ્નેશ મેવાણી પોતાના સમર્થકો સાથે પોલીસ સ્ટેશનના રાઇટર રૂમમાં પ્રવેશ્યા અને બૂમાબૂમ કરી પોલીસની કામગીરીમાં અવરોધ ઊભો કર્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. પોલીસ દ્વારા પૂછપરછ પૂર્ણ થાય ત્યાં સુધી રાહ જોવા જણાવાયું હોવા છતાં પોલીસ સ્ટેશનની બહાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હોવાનો પણ ઉલ્લેખ છે. ફરિયાદ અનુસાર, આ ઘટનાનું મોબાઇલથી રેકોર્ડિંગ કરીને સોશિયલ મીડિયા પર વીડિયો વાઇરલ કરવામાં આવ્યા હતા. ઠાકોર સમાજને પોલીસ સામે ઉશ્કેરવાનો, પોલીસને બદનામ કરવાનો અને બે સમુદાયો વચ્ચે વૈમનસ્ય ઊભું કરવાનો પ્રયાસ થયાનો આક્ષેપ પણ મૂકવામાં આવ્યો છે. આ કેસમાં જિગ્નેશ મેવાણી, કોંગ્રેસના ઉમેદવાર સૂર્યસિંહ ડાભી, અજયસિંહ ડાભી, અનોપસિંહ ડાભી, પ્રવીણસિંહ ડાભી, વિપુલસિંહ ડાભી અને મુલચંદભાઈ સહિત અન્ય લોકો સામે ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવાયું છે.

સેક્ટર-13 પોલીસ ચોકીમાં હોબાળો અને મુનાફ પઠાણને બહાર લઈ જવાનો આરોપ

બીજી ફરિયાદ સેક્ટર-7 પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસના જણાવ્યા મુજબ, ચૂંટણી પ્રચાર દરમિયાન ધમકીની અરજીના અનુસંધાને મુનાફ હબીબભાઈ પઠાણને પૂછપરછ માટે સેક્ટર-13 પોલીસ ચોકીમાં બોલાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મોડી રાત્રે જિગ્નેશ મેવાણી, સાકીર રાઠોડ, નાસીર ઉર્ફે પિન્ટુ મેમણ અને અન્ય સમર્થકો ત્યાં પહોંચ્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, મેવાણીએ પોલીસ ચોકીમાં ‘અહીંનો ઇન્ચાર્જ કોણ છે?’, ‘મુનાફને કેમ લાવ્યા છો?’ અને ‘તમારી દાદાગીરી કાઢી નાખીશ’ જેવાં ઉગ્ર શબ્દોનો ઉપયોગ કરીને બોલાચાલી કરી હતી. પૂછપરછ ચાલુ હોવા છતાં મુનાફ પઠાણને બળજબરીથી પોલીસ ચોકીની બહાર લઈ જવાયા હોવાનો પણ આક્ષેપ છે. આ ઘટનાને સરકારી કર્મચારીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ તરીકે દર્શાવવામાં આવી છે.

પ્રચારનો સમય પૂરો થયા બાદ વિડીયો બનાવી પોસ્ટ કર્યાનો પણ આક્ષેપ

સેક્ટર-7 પોલીસ સ્ટેશનની ફરિયાદમાં ચૂંટણીનો જાહેર પ્રચાર પૂર્ણ થયા બાદ પણ મેવાણીએ પેથાપુર કસ્બા વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવારના પ્રચાર સાથે સંકળાયેલી પ્રવૃત્તિ ચાલુ રાખી આચારસંહિતાનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પેટ્રોલિંગ દરમિયાન પોલીસ અધિકારીઓએ તેમને અટકાવ્યા બાદ પેથાપુરના સંજરી પાર્કમાં કોંગ્રેસ કાર્યાલય નજીક વીડિયો બનાવવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. આ વીડિયોમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને નીચલા દરજ્જાના કર્મચારીઓ વચ્ચે વિખવાદ તથા દ્વેષ ઊભો થાય તેવાં નિવેદનો કર્યાનો આક્ષેપ છે. વીડિયો મેવાણીના સત્તાવાર ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોસ્ટ કરીને વાઇરલ કરવામાં આવ્યો હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. આ કેસમાં મેવાણી ઉપરાંત સાકીર રાઠોડ, નાસીર ઉર્ફે પિન્ટુ મેમણ અને અન્ય અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધાયો છે.

‘ઠાકોર સમાજની 150 કરોડની જમીનના મુદ્દે અવાજ ઉઠાવું છું એટલે ટાર્ગેટ કરાય છે’

જિગ્નેશ મેવાણીએ આક્રમક પ્રતિક્રિયા આપતાં આક્ષેપ કર્યો હતો કે ઠાકોર સમાજની આશરે રૂ. 150 કરોડની જમીનના કથિત કૌભાંડના મુદ્દે તેઓ છેલ્લા કેટલાક સમયથી અવાજ ઉઠાવી રહ્યા છે. આ મુદ્દે સરકાર સાથે સંકળાયેલા એક વ્યક્તિ સામે બોલતા હોવાથી તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાનો તેમનો દાવો છે. મેવાણીએ રાહુલ ગાંધીના કથનનો હવાલો આપીને હતું કે , ‘અમારી સામે થતી પ્રત્યેક ફરિયાદ અમારા માટે મેડલ સમાન છે.’ તેમણે પોલીસ અને ભાજપને પડકાર ફેંકતાં કહ્યું કે, ‘તારાથી થાય એટલા ભડાકા અને થાય એટલી FIR કરી લેજે. અમે પોલીસથી કે સરકારથી ડર્યા નથી અને ડરવાના નથી.’ તેમણે આક્ષેપ કર્યો હતો કે તેમની માતા-બહેન વિશે અપમાનજનક ભાષાનો ઉપયોગ કરનારા સામે કાર્યવાહી થતી નથી, જ્યારે તેમની સામે ટૂંકા ગાળામાં બે ફરિયાદો નોંધાઈ છે. ભાજપના એક મંત્રી, ધારાસભ્ય અને સાંસદ સામે પણ કાર્યવાહી કરવાની તેમની માગનો ઉલ્લેખ કરતાં મેવાણીએ ચેતવણી આપી હતી કે કોંગ્રેસના કાર્યકરને નિશાન બનાવવામાં આવશે તો તેઓ તેની મદદે જશે.

ચૂંટણીના માહોલમાં પોલીસ ફરિયાદોથી રાજકીય ટકરાવ તેજ

ગાંધીનગર મનપાની ચૂંટણીના પ્રચારના અંતિમ તબક્કામાં બનેલી આ ઘટનાઓએ કોંગ્રેસ અને પોલીસ વચ્ચેનો વિવાદ વધુ તીવ્ર બનાવ્યો છે. એક તરફ પોલીસ ફરિયાદોમાં સરકારી ફરજમાં રૂકાવટ, ધમકી, આચારસંહિતા ભંગ અને સોશિયલ મીડિયા પર વિવાદાસ્પદ વીડિયો પોસ્ટ કરવાના આક્ષેપો છે, તો બીજી તરફ મેવાણી આ કાર્યવાહી પાછળ રાજકીય કારણો હોવાનો દાવો કરી રહ્યા છે.

આજે પણ અસલ ભૂંગળ સાથે ગરબીની ધૂમ

■ અમદાવાદ જૂની સિટીમાં નાયક સમાજ દ્વારા 400 વર્ષ જૂની ગરબી રમાય છે, જેમાં અસલ ભૂંગળનો ઉપયોગ કરી ગરબી રમાડવામાં આવે છે. (તસવીર : જનક પટેલ, અમદાવાદ)

અમદાવાદ-માલદા ટાઉન વચ્ચે પૂજા સ્પેશિયલ ટ્રેન દોડાવાશે, 14 ફેરા કરશે

આ ટ્રેન 16 ઓક્ટોબરથી 27મી નવેમ્બર સુધી દોડશે, આ ટ્રેન વિશેષ ભાડા પર દોડશે

આ ટ્રેન બંને દિશામાં નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરાથી રતલામ થઈને માલદા પહોંચશે

અમદાવાદ: આગામી પૂજા અને તહેવારોની સિઝનમાં મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ અને માલદા ટાઉન વચ્ચે સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિશેષ ભાડા પર દોડનારી આ ટ્રેન બંને દિશામાં કુલ 14 ફેરા કરશે.

રેલવેના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે ટ્રેન નંબર 09401 અમદાવાદ-માલદા ટાઉન સ્પેશિયલ દર બુધવારે બપોરે 3:30 વાગ્યે અમદાવાદથી ઉપડશે અને શુક્રવારે સવારે 10 વાગ્યે માલદા ટાઉન પહોંચશે. આ ટ્રેન 14 ઓક્ટોબરથી 25 નવેમ્બર, 2026 સુધી દોડશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09402 માલદા ટાઉન-અમદાવાદ સ્પેશિયલ દર શુક્રવારે રાત્રે 8:05 વાગ્યે માલદા ટાઉનથી ઉપડશે અને રવિવારે બપોરે 1 વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન 16 ઓક્ટોબરથી 27 નવેમ્બર, 2026 સુધી દોડશે.

આ સ્પેશિયલ ટ્રેન બંને દિશામાં નડિયાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સુબેદારગંજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના, બખ્તિયારપુર, મોકામા, કિઉલ, અભયપુર, જામાલપુર, સુલતાનગંજ, ભાગલપુર, કહલગાંવ, સાહિબગંજ, બડહરવા અને ન્યૂ ફરક્કા સહિતનાં સ્ટેશનો પર ઊભી રહેશે. ટ્રેનમાં મુસાફરોની સુવિધા માટે એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચની વ્યવસ્થા કરવામાં આવી છે.

પશુઆહારમાં ભેળસેળ, કડીનાં ચાર વેરહાઉસ સીલ કરી દેવાયાં

લિંચના વેરહાઉસમાં 63.41 લાખ કિલો જથ્થો એક્સપાયર અને ભેળસેળયુક્ત હોવાની પ્રાથમિક તપાસમાં વિગતો

1.58 લાખથી વધુ બેગ સીલ કરી સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયાં, 25 કરોડનો શંકાસ્પદ ખોળનો જથ્થો જપ્ત

ગાંધીનગર: રાજ્યમાં પશુઆહારની ગુણવત્તા અને સલામતી સામે ગંભીર સવાલો ઊભા કરતી કાર્યવાહી હેઠળ મહેસાણા જિલ્લાના કડી વિસ્તારમાં ચાર મોટા વેરહાઉસમાં મેગા સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરી શંકાસ્પદ કપાસિયા ખોળની 1.58 લાખથી વધુ બેગનો જથ્થો સીલ કરવામાં આવ્યો છે. લિંચ-અંબાસણ રોડ પર આવેલા એક વેરહાઉસમાં અંદાજે રૂ. 25 કરોડની કિંમતનો 63.41 લાખ કિલો ખોળનો જથ્થો પ્રાથમિક તપાસમાં એક્સપાયર થયેલો અને ભેળસેળયુક્ત જણાયો છે. પશુપાલન મંત્રી જીતુ વાઘાણીની સૂચનાથી 11 ઓક્ટોબરે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં પશુપાલન વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસૂલ વિભાગ તથા પશુચિકિત્સા અધિકારીઓની સંયુક્ત ટીમો જોડાઈ હતી. પશુઓને અપાતા આહારની ગુણવત્તા સાથે ચેડાં થવાની રજૂઆતના આધારે અધિકારીઓએ કડી તાલુકાનાં ચાર વેરહાઉસમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળી આવેલા શંકાસ્પદ ખોળનાં અલગ-અલગ સેમ્પલ વૈજ્ઞાનિક પદ્ધતિથી લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યાં છે. સેમ્પલના અંતિમ અહેવાલ અને સ્ટોકની ચકાસણી બાદ જથ્થાની ગુણવત્તા અંગે વધુ સ્પષ્ટતા થશે.

લિંચમાં સૌથી મોટો જથ્થો, ચારેય સ્થળે સીલિંગ

તપાસ દરમિયાન અલદેસણના ભવ્ય વેરહાઉસમાંથી 14,125 બેગ, શુભમ લોજિસ્ટિક વેરહાઉસમાંથી 5,090 બેગ, નગરાસણના મહાશક્તિ (અમીના) વેરહાઉસમાંથી 10,796 બેગ અને લિંચ-અંબાસણ રોડ પરના એલ.ટી.સી. વેરહાઉસમાંથી અંદાજે 1,28,622 બેગ શંકાસ્પદ ખોળ મળી આવ્યો હતો. ચારેય સ્થળે મળીને 1,58,500થી વધુ બેગનો જથ્થો ગણતરી અને ચકાસણી માટે સીલ કરવામાં આવ્યો હતો. 12 ઓક્ટોબરે પણ અધિકારીઓ દ્વારા સ્થળ પર ભૌતિક સ્ટોક અને સ્ટોક રજિસ્ટરમાં દર્શાવેલી બંધ સિલકની ખરાઈ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં જથ્થાની વાસ્તવિક સ્થિતિ અને નોંધાયેલા સ્ટોક વચ્ચે મેળ બેસે છે કે નહીં તેની ચકાસણી કરવામાં આવી રહી છે.

નવા કાયદા હેઠળ કડક કાર્યવાહીની ચેતવણી

પશુપાલન મંત્રી જીતુ વાઘાણીએ સ્પષ્ટ કર્યું છે કે પશુપાલકોને શુદ્ધ, સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત પશુઆહાર મળે તે સરકારની પ્રાથમિકતા છે. પશુઓના સ્વાસ્થ્ય અને પશુપાલકોની આજીવિકા સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. નિર્ધારિત બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)નાં ધોરણોનું ઉલ્લંઘન કરનારાઓ સામે દંડ, લાઇસન્સ રદ કરવા અને જેલસજા સુધીનાં પગલાં લેવાની ચેતવણી પણ તેમણે આપી છે. રાજ્યમાં પશુઆહારની ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવા નવો કાયદો ઘડવામાં આવ્યો છે અને રાજ્યપાલની મંજૂરી પણ મળી ગઈ છે. આ કાયદાનો અમલ ટૂંક સમયમાં શરૂ થવાનો છે. ત્યારે કડીમાં હાથ ધરાયેલી કાર્યવાહી પશુઆહારના વેપારમાં ગુણવત્તાના ધોરણો અને સંગ્રહ વ્યવસ્થાની તપાસની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ બની છે.

અમદાવાદની મીરા ઠક્કર આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધામાં પ્રથમ

અમદાવાદ: રાષ્ટ્રીય ડાક સપ્તાહ-2026 અંતર્ગત 12 ઓક્ટોબરે અમદાવાદમાં યોજાયેલા ‘ફન વિથ ફિલેટલી દિવસ’ના કાર્યક્રમમાં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (UPU)ની આંતરરાષ્ટ્રીય પત્રલેખન સ્પર્ધા-2026માં ગુજરાત પરિમંડળમાં પ્રથમ સ્થાન મેળવનાર અમદાવાદની મહારાજા અગ્રસેન વિદ્યાલયની ધોરણ-8ની વિદ્યાર્થિની મીરા પી. ઠક્કરનું સન્માન કરવામાં આવ્યું હતું. મીરાને 25 હજારનો ચેક અને પ્રશસ્તિપત્ર અર્પણ કર્યા હતા. ‘ડિજિટલ દુનિયામાં માનવીય જોડાણ શા માટે મહત્ત્વનું છે’ વિષય પર યોજાયેલી આ સ્પર્ધામાં ગુજરાતની વિવિધ શાળાઓના 1,796 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વડોદરાની કેશવી ડી. જોશીએ દ્વિતીય અને પાટણના દીક્ષિત ટી. રબારીએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધામાં અનેક સ્પર્ધકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો.

સુડોકુ ૬૬૫૩

	૬					૭		૮
	૪	૨		૮			૬	૯
૮		૭	૧	૩	૬	૪		૫
૨		૯						
૪	૩		૬	૯	૧	૨		૭
				૫		૯		૧
	૮	૬		૪	૭			૨
૩			૮		૯	૫		૪
		૪	૨		૩	૮	૯	૬

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ ઉકેલ-૬૬૫૨

૫	૬	૩	૯	૨	૪	૭	૧	૮
૧	૪	૨	૭	૮	૫	૩	૬	૯
૮	૯	૭	૧	૩	૬	૪	૨	૫
૨	૧	૯	૪	૭	૮	૬	૫	૩
૪	૩	૫	૬	૯	૧	૨	૮	૭
૬	૭	૮	૩	૫	૨	૯	૪	૧
૯	૮	૬	૫	૪	૭	૧	૩	૨
૩	૨	૧	૮	૬	૯	૫	૭	૪
૭	૫	૪	૨	૧	૩	૮	૯	૬

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચીમંદ પરબીઆ

ગેસ - પેટનો ગોળો

લીંડી પીપર ચૂર્ણ વીસ ગ્રામ લઇ તેમા સિંધવ મીઠું વીસ ગ્રામ ભેળવી, બારીક ચૂર્ણ કરો. આકડાના ફૂલ તોડી લાવી તેના રવઈડા છુટા કરી ઉપરના ચૂર્ણ સાથે ખરલ કરો. લીલા વટાણા જેવડી ગોળીઓ વાળી સૂકવી ભરી લો. તેમાથી એક કે બે ગોળીઓ દિવસમા ત્રણ વાર ચાવી ઉપર પાણી પીવું.

સરકારી વાહન ખરીદી નીતિમાં મોટો ફેરફાર હવે પદ નહીં, કામગીરી પ્રમાણે મળશે વાહનો

ફીલ્ડ ઇન્સ્પેક્શન માટે નવી કેટેગરી-F અને ઓફ-રોડ ફરજ માટે F1નો ઉમેરો

સ્કોર્પિયો, થારથી લઈને નેક્સોન EV અને XUV400 EV સુધીના વિકલ્પો

ગાંધીનગર: સરકારી અધિકારીઓ માટે વાહનોની ખરીદીની વ્યવસ્થામાં ગુજરાત સરકારે મહત્ત્વનો ફેરફાર કર્યો છે. વર્ષ 2023ની વાહન ખરીદ નીતિમાં સુધારો કરીને હવે પદ અને હોદ્દાની સાથે કામગીરીના પ્રકારને પણ વાહન પસંદગીનો આધાર બનાવવામાં આવ્યો છે. નવી જોગવાઈ હેઠળ ફીલ્ડ ઈન્સ્પેક્શન અને એન્ફોર્સમેન્ટ માટે કેટેગરી-F તથા ઑફ-રોડ કામગીરી કરતા અધિકારીઓ માટે કેટેગરી-F1 ઉમેરવામાં આવી છે. આ સાથે સરકારી વાહન કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોનો વિકલ્પ પણ વિસ્તર્યો છે. નવી કેટેગરી-Fમાં ટાટા નેક્સોન EV અને મહિન્દ્રા XUV400 EV સહિતનાં વાહનોને સ્થાન મળ્યું છે.

નવી કેટેગરી-Fમાં મેદાની નિરીક્ષણ, તપાસ અને અમલીકરણની કામગીરી માટે વિવિધ વાહનોનો સમાવેશ કરાયો છે. તેમાં મહિન્દ્રા સ્કોર્પિયો-N, થાર રોક્સ, બોલેરો નિયો, કિયા કેરેન્સ ક્લેવિસ, મારુતિ સુઝુકી અર્ટિગા અને ટોયોટા રુમિયન ઉપરાંત મહિન્દ્રા XUV400 EL Pro અને ટાટા નેક્સોન EV ક્રિએટિવ-45નો સમાવેશ થાય છે. આમ, જરૂરિયાત પ્રમાણે પેટ્રોલ-ડીઝલ વાહનોની સાથે ઈલેક્ટ્રિક વાહનો પસંદ કરવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ બનશે.

વન અને પર્યાવરણ, ખાણ, મહેસૂલ, ગૃહ, માર્ગ-મકાન, જળસંપત્તિ, પાણી પુરવઠા તથા પંચાયત સહિતના વિભાગોમાં અંતરિયાળ અને મુશ્કેલ ભૌગોલિક વિસ્તારોમાં ફરજ બજાવતા અધિકારીઓ માટે કેટેગરી-F1 ઉમેરવામાં આવી છે. આ કેટેગરીમાં Fનાં વાહનો ઉપરાંત ટાટા યોધા પિકઅપ, ઈસુઝુ V-Cross 4WD, મહિન્દ્રા બોલેરો પિકઅપ 4WD અને બોલેરો કેમ્પર ગોલ્ડ RX 4WD જેવા વાહનોનો સમાવેશ થાય છે. કાચા રસ્તા, વનવિસ્તાર, ખનિજ વિસ્તારો અને વિકાસકાર્યોનાં સ્થળોએ પહોંચવા માટે આ વ્યવસ્થા ઉપયોગી બની શકે છે. વર્ષ 2023ની નીતિમાં પણ કેટલીક કેટેગરીમાં ટાટા ટિગોર EVનો સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે નવી કેટેગરી-Fમાં વધુ બે ઈલેક્ટ્રિક મોડલનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આથી સરકારી વાહન કાફલામાં ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ માત્ર સામાન્ય કચેરીની કામગીરી પૂરતો મર્યાદિત ન રહેતાં ફીલ્ડ ઈન્સ્પેક્શન સુધી વિસ્તરી શકશે. વાહનોની નવી કેટેગરી ઉમેરવાની સાથે ખરીદી પ્રક્રિયામાં નાણાકીય શિસ્ત અને પારદર્શિતા જાળવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. નીતિ મુજબ નિયત વાહનોની ખરીદી સરકારી ઈ-માર્કેટપ્લેસ (GeM) મારફતે કરવાની જોગવાઈ છે. નીતિમાં સમાવિષ્ટ ન હોય તેવા વાહનની ખરીદી માટે જરૂરી કારણો અને સક્ષમ સત્તાધિકારીની મંજૂરીની પ્રક્રિયા પણ લાગુ રહેશે.

શબ્દગુંફન - ૭૨૬૮

અરવિંદ એસ. મારૂ

૧		૨		■	૩	■	૪	૫	૬
	■		■	૭		૮	■	૯	
■	૧૦				■	૧૧		■	
૧૨	■		■	૧૩	૧૪		■	૧૫	
૧૬				■		■	૧૭		■
	■		■	૧૮		૧૯		■	૨૦
૨૧	૨૨	■	૨૩		■		■	૨૪	
■	૨૫			■	૨૬		૨૭		■
૨૮		■	૨૯	30		■		■	૩૧
■	૩૨		■		■	33			

આડી ચાવી

૧. ભક્ત તરીકે પ્રસિદ્ધ એક રાજા (૪)
૪. ઉત્સુકતા, તાલાવેલી (૩)
૭. વાડી, બગીચો (૩)
૯. નસ, રક્તવાહિની (૨)
૧૦. દયાવાળું (૪)
૧૧. જૈન સાધુ (૨)
૧૩. કૃપા (૩)
૧૫. હોડી, વહાણ (૨)
૧૬. સુરક્ષિત (૪)
૧૭. અંધારિયું, કૃષ્ણ પક્ષનું (૨)
૧૮. સોના-ચાંદીના તાર ખેંચવાનું ઓજાર (૪)
૨૧. તપસ્યા (૨)
૨૩. શરીર ગરમ રહેવાનો રોગ (૨)
૨૩. નુકસાન (૨)
૨૫. ડંફાસ (૩)
૨૬. બદલો, વટાવ (૪)
૨૮. સારું વર્તન (૨)
૨૯. તાકાત (૩)
૩૨. પર્વત (૨)
33. હેરાનગતિ (૪)

ઊભીચાવી

૧. ભાગ (૨)
૨. બૂમાબૂમ, હોકારા (૬)
૩. કેડ, કમ્મર (૨)
૫. બીક (૨)
૬. ચાલવાનો અવાજ (૪)
૭. વાંદરુ, કપિ (૩)
૮. હંમેશ (૩)
૧૨. સાથે મળીને થતી વિચારણા (૪)
૧૪. માગશર ને પોષ મહિનાની ઋતુ (૩)
૧૫. અવાજ, ઘોષ (૨)
૧૭. મોટું (૨)
૧૮. એક ધાન્ય (૨)
૧૯. ફલદ્રુપ (૩)
૨૦. એક વાર (૨)
૨૨. નાસી જવું તે (૪)
૨૩. એક આખો દિવસ (૩)
૨૪. પરાજય (૨)
૨૬. પતિ (૨)
૨૭. ગાવાની ઢબ (૩)
30. એક પદાર્થ (૨)
૩૧. વાચા, બોલી (૨)

અં	બ	રી	ષ	■	ક	■	ત	ડ	પ
શ	■	ડિ	■	વા	ટિ	કા	■	ર	ગ
■	દ	યા	વા	ન	■	ય	તિ	■	ર
મ	■	ર	■	ર	હે	મ	■	ના	વ
સ	લા	મ	ત	■	મં	■	વ	દ	■
લ	■	ણ	■	જ	ત	ર	ડું	■	શ
ત	પ	■	તા	વ	■	સા	■	હા	નિ
■	લા	ય	રી	■	વ	ળ	ત	ર	■
ન	ય	■	ખ	મી	ર	■	ર	■	વા
■	ન	ગ	■	ણ	■	પ	જ	વ	ણી

શબ્દગુંફન ઉકેલ - ૭૨૬૭

ગુજરાતમાં રૂ. 3,903 કરોડના નવા મૂડીરોકાણને મંજૂરી

8,178થી વધુ રોજગારીની તકો ખૂલશે, વધુ 25 ઔદ્યોગિક એકમોને સહાય માટે લીલી ઝંડી; અમદાવાદથી કચ્છ અને મોરબીથી ભરૂચ સુધીના ઉદ્યોગોને લાભ

ઓટોમોબાઇલ, ટેક્સટાઇલ, કેમિકલ, સિરામિક સહિતનાં ક્ષેત્રોને પ્રોત્સાહન

ગાંધીનગર: ગુજરાતમાં ઔદ્યોગિક મૂડીરોકાણ અને રોજગારી સર્જનને વેગ આપવાના ભાગરૂપે રાજ્યના વધુ 25 ઔદ્યોગિક એકમોને નાણાકીય સહાય આપવા માટે ફાઈનલ એલિજિબિલિટી પ્રમાણપત્રો મંજૂર કરવામાં આવ્યાં છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય સમિતિની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયથી રાજ્યમાં રૂ. 3,903.30 કરોડનું મૂડીરોકાણ સાકાર થવાનો માર્ગ મોકળો થયો છે, જ્યારે 8,178થી વધુ નવી રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. ઔદ્યોગિક નીતિ-2015 અને આત્મનિર્ભર ગુજરાત યોજના-2022 હેઠળ મંજૂર થયેલા આ પ્રોજેક્ટ્સથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ઔદ્યોગિક પ્રવૃત્તિઓને વેગ મળવાની સાથે સ્થાનિક સ્તરે રોજગારીની તકો પણ વધશે.

ઔદ્યોગિક નીતિ-2015 હેઠળ 22 ઔદ્યોગિક એકમોના રૂ. 1,631.90 કરોડના મૂડીરોકાણને મંજૂરી આપવામાં આવી છે. જ્યારે આત્મનિર્ભર ગુજરાત યોજના-2022 હેઠળ ત્રણ મોટા ઔદ્યોગિક એકમોના રૂ. 2,271.40 કરોડના મૂડીરોકાણને આખરી મંજૂરી મળી છે. આમ, બંને યોજનાઓ હેઠળ કુલ 25 એકમોને સહાય માટેની પાત્રતા મંજૂર કરવામાં આવી છે.

આઠ જિલ્લાઓના ઉદ્યોગોને મળશે લાભ

આ સહાયનો લાભ અમદાવાદ, મોરબી, ભરૂચ, કચ્છ, વડોદરા, મહેસાણા, ખેડા અને સુરેન્દ્રનગર સહિતના જિલ્લાઓમાં સ્થપાયેલા ઔદ્યોગિક એકમોને મળશે. મંજૂરી મેળવનારા એકમો ઓટોમોબાઇલ, ટેક્સટાઇલ, પ્લાસ્ટિક, પેપર, કેમિકલ, સિરામિક અને મેટલ જેવા વિવિધ ક્ષેત્રો સાથે સંકળાયેલા છે. આ ક્ષેત્રોમાં નવા રોકાણથી ઉત્પાદનક્ષમતા વધવાની અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓના વિસ્તરણની શક્યતા છે.

SGST, વ્યાજ અને EPFમાં પ્રોત્સાહન

રાજ્ય સરકારની આ યોજનાઓ હેઠળ પાત્ર ઔદ્યોગિક એકમોને નેટ એસજીએસટી સહાય, વ્યાજ સહાય અને કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) રિઇમ્બર્સમેન્ટ જેવા નાણાકીય પ્રોત્સાહનો આપવામાં આવે છે. મોટા ઉદ્યોગોની સાથે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME)ના વિકાસને પ્રોત્સાહન આપવાના પ્રયાસરૂપે આ નિર્ણયને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. રૂ. 3,903.30 કરોડના પ્રસ્તાવિત મૂડીરોકાણ અને 8,178થી વધુ રોજગારીની સંભાવના સાથે રાજ્યના ઔદ્યોગિક વિકાસને વધુ ગતિ આપવાનો સરકારનો પ્રયાસ

આજનું પંચાંગ

તા. 13/10/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે** : 1948
વીર સંવત : 2552 **માસ** : આસો
તિથિ: સુદ: ત્રીજ:- 23:28
અયન : દક્ષિણાયન **ઋતુ** : શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો-21
યોગ :પ્રીતિ **કરણ:** તૈતિલ
નક્ષત્ર : વિશાખા : 25:43
રાશિ: તુલા (ર,ત) : 19:14 પછી વૃશ્ચિક (ન.ય.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:35 **સુરતમાં સૂર્યાસ્ત** : 18:15
નવકારસી : 07:23
પારસી વર્ષ : 1396 અરદીબેહેસ્ત માસનો 30મો રોજ
મુસલમાન વર્ષ :1448 જમાદીઉલ અવલ માસનો પ્રથમ રોજ
દિવસનાં ચોઘડિયાં: રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાં: કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુ કાળ : બપોરે 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): નોકરિયાતોને મદદ મળે. એકબીજાને મદદરૂપ બનવાથી કામનો બોજ ઓછો થાય. કુટુંબમાં તાલમેળ વધશે.

વૃષભ (બ,વ,ઉ,): કાર્યસ્થળ પર પ્રભાવ વધશે. શત્રુઓની પીછેહઠ થાય. રોમેન્ટીક મૂડ રહે. વિજાતિય મિત્રોથી સાવધાન.

મિથુન (ક,છ,ઘ,): રીયલ એસ્ટેટ કે પ્રોપર્ટીના કામમાં લાભ થાય. પારિવારિકિ જીવનમાં તાલમેળ રહે. મિત્રો-સંબંધીઓનો સાથ મળે.

કર્ક (ડ,હ,): કોઇ મહત્ત્વના કામમાં વડીલોની મદદ લેવી વેપાર ધંધાના નિર્ણયમાં મિત્રો મદદરૂપ બને. નવી તક મળે.

સિંહ (મ,ટ,): ઉઘરાણી આવી શકે છે. દલાલી કે માર્કેટીંગના કામમાં મદદ મળે. કુટુંબજીવનમાં તાલમેળ રહેશે.

કન્યા (પ,ઠ,ણ,): આરોગ્ય બાબતે ચોક્કસ બનશો અચાનક કોઇને મળવાનું બને. વિદેશનાં કામમાં ગતિ આવે. પ્રવાસ થાય.

તુલા (ર,ત,): આવક વધશે. નોકરીમાં નવી તક મળે. વેપારમાં આવક વધે. મિત્રો સાથે વ્યાવસાયિક ચર્ચા સફળ બને.

વૃશ્ચિક (ન,ય,): કાર્યસ્થળ પર વિવાદથી બચવું નોકરીમાં નવી જવાબદારી વધે. વિજાતિય આકર્ષણ રહે. ખર્ચા વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ,): તમારી બુદ્ધિક્ષમતાની કદર થાય. નવી જવાબદારીથી પ્રભાવ વધે. અટકેલા કામમાં ગતિ આવે. માનસિક અશાંતિ રહે.

મકર (ખ,જ,): ભાગ્યનો સાથ મળે. ધાર્મિક યાત્રા થાય. દેવ દર્શનથી શાંતિ મળે. આવક વધારવાની તક મળે.

કુંભ (ગ,સ,શ,ષ,): આધ્યાત્મિક ગૂઢ વિદ્યા અને દેવી ઉપાસકોને આંતરિક શાંતિ મળે. અચાનક નવી તક મળે.

મીન (દ,ચ,ઝ,થ,): ધાર્મિક અનુષ્ઠાન થાય. ધાર્મિક મેળાવડામાં જવાનું બને. નોકરી-ધંધામાં સામાન્ય રહે.

કોઈ પણ સાલમાં 13 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં નવી જવાબદારીથી દોડ-ધામ વધશે. વેપાર-ધંધામાં હરીફો વધે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજજીવનમાં યશ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. છતાં મદદથી કામમાં ગતિ આવે. સંતાનોનાં અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય સુધરે ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહમાં મદદ મળે. સરકારી નોકરિયાતને નવી જવાબદારીથી રાહત થાય પ્રમોશન થાય. નવા ઘર, વાહન, મકાન, બાબતે શરૂઆતમાં સફળતા મળે. આધુનિક ટેકનોલોજી વેપાર-ધંધામાં મદદરૂપ બને. આવક વધારવાની યોજનામાં ચડતી પડતી રહે. વારસાનાં કામ, મદદ મળે. જમીન, જાયદાદમાંકાયદાકીય વિદેશના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. જૂન જુલાઈમાં રવિ-સોમ-બુધવારે, 04,13,22, 31 તારીખે નવા કામ કરવાં નીલા રંગનો ઉપયોગ વધારવો નવેમ્બર ડિસેમ્બરમાં શનિ-રવિવારે 07, 16, 25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો.